કે.એલ.વસાવા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નોર્થ ઝોન(કતારગામ)

નોર્થઝોન/આઉટ/નં.૮૧૮૩
તા.૧૪/૧૦/૨૦૨૬

<u>સંમતિપત્ર</u>

પ્રતિ,
....
....
....

વિષય :– સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ લંકા વિજય થી શ્યામા પ્રસાદ મુર્ખજી બ્રીજ (ડભોલી બ્રીજ) તાપી પાળા સુધી રોડની બંને સાઈડ આવેલ તાપી પાળા પરના ઝાડી–ઝાંખરા/સાફ સફાઈ કરવાનું કામ.
સંદર્ભઃ– ગૃહ નિર્માણ અને ઉધાન સમિતિ ઠરાવ નં. ૦૨/૨૦૨૬, તા.૦૩/૦૨/૨૦૨૬થી મંજુર થયેલ ભાવ.

મહાશય,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ લંકા વિજય થી શ્યામા પ્રસાદ મુર્ખજી બ્રીજ (ડભોલી બ્રીજ) તાપી પાળા સુધી રોડની બંને સાઈડ આવેલ તાપી પાળા પરના ઝાડી–ઝાંખરા/સાફ સફાઈ કરવાના કામે ગૃહ નિર્માણ અને ઉધાન સમિતિ ઠરાવ નં. ૦૨/૨૦૨૬, તા.૦૩/૦૨/૨૦૨૬થી મંજુર થયેલ પ્રતિ ચો.મી.નો ભાવ રકમ રૂા.૮.૮૦પૈ. મુજબ કુલ ૧૧,૨૫૦ ચો.મી. વિસ્તારમાં ઝાડી–ઝાંખરા દુર કરવાની કામગીરી કરવા માટે રકમ રૂા.૯૯,૦૦૦.૦૦પૈ.ની મર્યાદામાં ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશનને આધિન કામ કરવા સંમત હોવ તો **તા.૧૭/૧૦/૨૦૨૬ સુધીમાં** આપની લેખીત સંમતિ પત્રક, બાનાની રકમ નો ડી.ડી/ ચેક રૂા.૧,૦૦૦/– (મ્યુ.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો) સહિત નીચે સહી કરનારની કચેરીએ મોકલવા વિનંતી.

ઉપરોકત સમય મર્યાદામાં આપનો સંમતિપત્ર મળશે નહી તો આપને આ કામમાં રસ નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

SD/-
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરત મહાનગરપાલિકા

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો–હાઉસની બાજુમાં, સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org